# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-11-2024** **Morning : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

---

1) વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેવા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજથી ત્રણ દિવસ કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા-નગરહવેલી તથા દમણ અને દીવના પ્રવાસે
2) વડોદરાની ગુજરાત રિફાઈનરીમાં લાગેલી આગમાં એકનું મોત
3) વાવ વિધાનસભાની ચૂંટણીના પ્રચાર પડઘમ શાંત થતા હવે ઉમેદવારોનો વ્યક્તિગત પ્રચાર
4) ગેરકાયદે ખનન કરનારા સામે મોરબી અને કચ્છમાં તંત્રની લાલ આંખ લાખોનો મુદ્દામાલ જપ્ત કરી કડક કાર્યવાહી
5) દેવ ઉઠી અગિયારસ નિમિત્તે રાજ્યભરમાં તુલસી વિવાહના કાર્યક્રમો. મંદિરોમાં વિશેષ પૂજા

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# PREZ UT VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજથી ત્રણ દિવસ કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલી તથા દમણ અને દીવના પ્રવાસે આવશે. દરમિયાન પહેલા દિવસે તેઓ જમ્પોરમાં પક્ષીગૃહ, દમણમાં સરકારી ઇજનેરી મહાવિદ્યાલય અને નિફ્ટ પરિસરની મુલાકાત લેશે.

બીજા દિવસે શ્રીમતી મુર્મૂ સેલવાસમાં નમો આરોગ્ય શૈક્ષણિક અને સંશોધન સંસ્થાન ખાતે જશે, જ્યાં તેઓ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે સંવાદ કરશે.

શ્રીમતી મુર્મૂ જાંડા ચોક શાળાનું પણ ઉદ્ઘાટન કરશે તેમજ સેલવાસમાં એક જાહેર સમારોહને સંબોધિત કરશે. તેઓ દીવમાં I.N.S. ખુકરી સ્મારકની પણ મુલાકાત લેશે.

---

- (POOL- PRAVESH)
-(NAVIN)

# BARODA FIRE

વડોદરામાં ગુજરાત રિફાઇનરીમાં આગ ફાટી નિકળી હતી. જેમાં એક વ્યક્તિનું મોત થયું હતું. કોયલી રિફાઇનરીમાં લાગેલી આગને કારણે દોડધામ મચી ગઇ હતી. ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લીમિટેડના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે ધસી ગયા હતા અને ફાયર બ્રિગેડ પણ સ્થળ ઉપર પહોંચ્યુ હતું.. આગ બુઝાવવાની કામગીરી યુધ્ધના ધોરણે શરૂ કરી દેવાઇ હતી. આગને કાબૂમાં લેવા માટે અમદાવાદમાંથી પણ ફાયરબ્રિગેડની એક ટીમ વડોદરા પહોંચી ગઇ હતી.

મોડી રાત્રે આગને કાબુમાં લેવામાં સફળતા મળી છે પરંતુ આગને કાબુમાં લેનાર એક ફાયરકર્મી ઇજાગ્રસ્ત થયો છે. જેને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો છે.

---

- ડેસ્ક, હર્ષલ પંડયા -(NAVIN)

# VAV ELECTION

વાવ વિધાનસભાની પેટાચૂંટણી માટે આવતીકાલે મતદાન યોજાશે. ત્યારે ગઇકાલે સાંજે ચૂંટણી પ્રચાર પડઘમ શાંત થયા છે. આ પેટાચૂંટણીમાં ત્રિપાંખીયો જંગ ખેલાઈ રહ્યો છે. ત્યારે ઉમેદવારો હવે ડોર – ટુ – ડોર પ્રચાર કરી મતદારોને રીઝવવાના પ્રયાસો કરી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસના ગેનીબેન ઠાકોર લોકસભા ચૂંટણીમાં વિજયી થતા વાવ વિધાનસભા બેઠક ખાલી પડી હતી. આ પેટાચૂંટણીમાં 10 ઉમેદવારો વચ્ચે જંગ છે. આવતીકાલે થનાર મતદાનની મતગણતરી 23 નવેમ્બરે યોજાશે.

---------------------------------------------------------------------

- ડેસ્ક - નિકીતા -(NAVIN)

# KHANKHANIJ RAID

મોરબીના પંચાસર રોડ ઉપર અનઅધિકૃત રીતે માટીના ખનનની કામગીરી ચાલતી હતી. આ ગેરકાયેદ ખનન પર ખાણ ખાણ ખનીજ વિભાગે દરોડા પાડ્યા હતા.. જેમાં એક મશીન અને ત્રણ ડમ્પર જપ્ત કરી તાલુકા પોલીસને સોંપી આગળની કાર્યવાહી હાથ ધરી છે

આ તપાસ દરમિયાન સાદી માટી ખનીજનાં ગેરકાયદેસર ખોદકામ કરતા મશીન તેમજ ૩ ડમ્પર સહીતનો લાખોનો મુદામાલ કબજે કરાયો હતો. આ ખોદકામ કરાવનાર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ ઉપરાંત કચ્છના રાપરમાંથી પણ કચ્છ પૂર્વ વન વિભાગ દ્વારા ગેરકાયેદસર ખનન કરનારા સામે કાર્યવાહી કરવામાં આવી હતી. કચ્છ પૂર્વના બાલારમાં વન વિભાગ દ્વારા કાર્યવાહી કરીને અભયારણ્યમાં ચાલતા ગેરકાયદે ખનનને અટકાવીને ખનન મશીન અને લોડર સાથે બે વ્યક્તિઓને ઝડપવામાં આવ્યાં હતાં.

---------------------------------------------------------------------

- પીટીસી-મોરબી, કચ્છ – હર્ષલ પંડ્યા

-(NAVIN)

# Tulsi Wedding

આજે દેવઉઠી એકાદશી છે. વિક્રમ સંવતના નવા વર્ષની આજે પ્રથમ અગિયારસ દેવ પ્રબોધિની એકાદશી કહેવાય છે. ભગવાન વિષ્ણુ ચાર માસ શયન પછી આજે જાગૃત થાય છે. શુભ કાર્યો માટે આજે શ્રેષ્ઠ મુર્હૂત ગણાય છે.

રાજ્યભરના દેવ મંદિરોમાં આજે તુલસી વિવાહ મહોત્સવની ઉજવણી થશે. અમદાવાદના રણછોડરાયજી મંદિર સહિતના મંદિરોમાં આજે તુલસી વિવાહના આયોજન કરાયા છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે રાજકોટ જિલ્લાના ગોંડલ ખાતે તુલસી વિવાહ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

---

- ડેસ્ક - નીકિતા - દુર્ગેશ

# Weather

રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ રાત્રિ તાપમાનમાં કોઈ ઘટાડો નહીં થવાની આગાહી કરવામાં આવી છે

રાજ્યભરમાં રાજકોટમાં સૌથી મહત્તમ તાપમાન 38 ડિગ્રી સેલ્સિયસ અને સૌથી ઓછું 18 ડિગ્રી સેલ્સિયસતાપમાન અમરેલી તેમજ ગાંધીનગરમાં નોંધાયું. આગામી એક સપ્તાહ દરમિયાન લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં અડધાથી એક ડિગ્રી સેલ્સિયસ સુધીના ઘટાડાની શક્યતાઓ છે. હવામાન વિભાગની નવેમ્બર મહિનાની આગાહી અનુસાર આ વર્ષે રાજ્યમાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતાઓ છે તેમ હવામાન વિભાગના નિદેશક એ કે દાસે જણાવ્યું હતું.

બાઇટ- એ કે દાસ , નિદેશન, હવામાન વિભાગ

---------------------------------------------------------------------

- ptc,અમદાવાદ ,મિતલ

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# Amreli -Ambulance boat

શિયાળબેટમાં વરસતા લોકોને આરોગ્યને લગતી કોઇ પણ સમસ્યા સર્જાય તો તાત્કાલિક સારવાર મળી રહે તે માટે  એમ્બ્યુલન્સ બોટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જનતા માટે નિઃશુલ્ક સેવા માટે 24 કલાક મેડિકલ સ્ટાફ ટીમ સાથે તૈનાત રહેશે. પીપાવાવ પોર્ટની જેટી સુધી કોઈ પણ દર્દીને તાત્કાલિક પહોચાડવાનું કામ આ બોટ કરશે.

આ વિષે વધુ માહિતી આપી રહ્યા છે, અમરેલીથી અમારાં પ્રતિનિધિ હરેશ ટાંક,

(બાઈટ હરેશ ટાંક)

---------------------------------------------------------------------

- અમરેલી,હરેશ ટાંક ,મિતલ

-(NAVIN)

# Junagadh –lili parikrama

જૂનાગઢના ગિરનાર પર્વતની લીલી પરિક્રમા યાત્રાળુઓના ધસારાને લીધે આ વરસે એક દિવસ વહેલી શરૂ કરી દેવામાં આવી છે.

વિધિવત રીતે આજથી  કારતક સુદ એકાદશીથી લીલી પરિક્રમા શરૂ થાય છે.  જૂનાગઢમાં  પરિક્રમા માટે બે દિવસ અગાઉથી હજારોની સંખ્યામાં યાત્રાળુઓ આવી પહોંચતા, તંત્ર દ્વારા વિધિવત પરિક્રમા શરૂ થાય તેના એક દિવસ પહેલા જ પરિક્રમાનો ગેટ માટે ખોલવામાં આવ્યો છે. ગઇકાલે વહેલી સવારથી હજારોની સંખ્યામાં પરિક્રમાર્થીઓએ પરિક્રમા શરૂ કરી દીધી હતી..

જુનાગઢના અમારાં પ્રતિનિધિ સંજીવ મહેતા જણાવે છે કે, ગિરનાર જંગલમાં અંદાજે પચાસ હજાર યાત્રાળુઓ પરિક્રમાના માર્ગ ઉપર આગળ વધી રહ્યા છે.

(બાઈટ સંજીવ મહેતા)

લીલી પરિક્રમામાં ભાગ લેવા માટે શ્રદ્ધાળુઓના ધસારાના પગલે એસ.ટી. નિગમે અમદાવાદ થી જૂનાગઢ વચ્ચે વધારાની 50 બસો દોડાવી રહ્યા છે.

---

- ,જુનાગઢ ,સંજીવ મેહતા,મિતલ
પીટીસી- જૂનાગઢ
-(NAVIN)

# FICCI AWARD

અમદાવાદ સિવિલ હૉસ્પિટલે અંગદાન ક્ષેત્રમાં વધુ એક સિદ્ધિ હાંસલ કરી છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલને દિલ્હી ખાતે યોજાયેલા ૧૬માં FICCI એવોર્ડ સમારંભમાં એવોર્ડ મળ્યો છે. અંગદાન ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ પૂર્વ ક્રિકેટર કપીલદેવનાં હસ્તે આ એવોર્ડ એનાયત કરાયો છે.

આકાશવાણી સાથે વાતચીત કરતા સિવિલ સુપ્રીન્ટેન્ડન્ટ ડૉ.રાકેશ જોષીએ આ અંગે વધુ માહિતી આપી હતી.

## બાઈટ - રાકેશ જોશી, સિવિલ સુપ્રીન્ટેન્ડન્ટ

---------------------------------------------------------------------

- અખબારી યાદી – હર્ષલ પંડ્યા

-(NAVIN)